| Publication : Prabhat Daily | Edition : Ahmedabad |
|---|---|
| Date : March 29, 2020 | Page: 6 |



# બેંક ઑફ બરોડા દ્વારા કોવીડ-૧૯ સામે સુરક્ષિત પ્રેક્ટિસ માટે નાણાંકિય સહાય

બેંકઑફબરોડા, ભારતની બીજા નંબરની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકદ્વારા તેના વ્યવસાય પ્રતિનિધિઓ માટે તેમની કામકાજની જગ્યાની હાઈજેનીક સેફ્ટી માટે નાણાંકિય સમર્થનની જાહેરાત. કોવિડ-૧૯ સામે તેના ગ્રાહકો, જાહેર જનતા તેમજ વ્યવસાય પ્રતિનિધિઓના રક્ષણ માટે બોંક દ્વારા જાહેર ક્ષેત્રની બેંકોમાં આ સૌ પ્રથમ પહેલ છે

કોવિડ-૧૯ ના ફેલાવાને રોકવા માટે બીસી પોઈન્ટને સ્નિટાઇઝ કરવા તેમજ તેને સેનિટાઈઝર અને જંતુનાશક દ્વારા સાફ કરવા કામકાજના સમય દરમિયાન માસ્કનો ઉપયોગ કરવો અત્યંત આવશ્યક છે. આવા સંજોગોમાં ઉચ્ચ વ્યવસ્થાપન દ્વારા દરેક એક્ટિવ અને કાર્યરત વ્યવસાય પ્રતિનિધિઓને તેમની કામકાજની જગ્યાને હાઈજેનીક રાખવા માટે સેનિટાઈઝર, જંતુનાશક, માસ્ક અને મોજા ખરીદવા માટે રૂ.૨૦૦૦/- નું નાણાંકિય સમર્થન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ રૂ ૨૦૦૦/- ની રકમ દરેક એકેટિવ અને કાર્યરત વ્યવસાય સહાયકના ખાતામાં જમા કરી દેવામાં આવી છે.

વધુમાં બેંકે દરેક એક્ટિવ અને કાર્યરત વ્યવસાય સહાયકને આ મુશ્કેલીના સમયમાં તેમની સેવાઓ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવાનું નક્કી કરેલ છે એના માટે દરેક કામકાજના દિવસો માટે સવારે ૧૦ થી સાંજે ૫ દરમ્યાન ઓછામાં ઓછા ૫ ટ્રાન્ઝેક્શન કરવા પર દિવસ દીઠ રૂ૧૦૦/- પ્રોત્સાહન સ્વરૂપે આપવાનું નક્કી કરેલ છે. આ સુવિધા તા.૧૪.૦૪.૨૦૨૦ સુધી ઉપલબ્ધ રહેશે.

બેંકના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી વી. એસ. ખીચીએ કહ્યું “બેંકમાં તેમજ તેની આજુબાજુ ચોખ્ખાઈ અને સ્વચ્છ વાતાવરણ રાખવું તે આપણી જવાબદારી છે.” આ પહેલથી વ્યવસાય પ્રતિનિધિની પરિસર ખાતરીપૂર્વક લોકો માટે સલામત અને સુરક્ષિત રહેશે. અમે જરૂરિયાતના આ સમયે અમારા વ્યવસાય પ્રતિનિધિઓનો આભાર માનીએ છીએ.